# પાટણ પ્રતિબિંબ

વર્ષ ૮ • અંક ૧૨ • સળંગ અંક ૯૫ • મુંબઈ • ઑક્ટોબર ૨૦૧૪ • પાના ૧૨ • છૂટક નકલ રૂા. ૨/-

• RNI. Regd. No. MAHGUJ/2006 / 18379

## શ્રી પાટણ જૈન મંડળનું મુખપત્ર

ટેલિફોન : 2281 1346 • ટેલિફેક્સ : 22811218 • www.patanmandal.org • Email : patanmandal@gmail.com

## પ્રમુખસ્થાનેથી...

સ્નેહી સ્વજનો,

જય જિનેન્દ્ર !!

*આંખોમેં પાની રખો, હોઠો પે ચિનગારી રખો,*
*જિન્દા રહના હૈ તો તરકીબે બહોત સારી રખો,*
*રાહ કે પથ્થરસે બઢકર કે કુછ નહિ હૈ મંઝિલે,*
*રાસ્તે આવાજ દેતે હૈ, સફર જારી રખો.*

**કાર્યક્ષેત્ર જ ફળ શ્રુતિ**

સુદૃઢ સમતાપૂર્વકનું જીવન માણવા કોઈક અર્થપૂર્ણ પરિણામલક્ષી પ્રવૃત્તિ અતિ આવશ્યક છે. આ પ્રવૃત્તિ એટલે પ્રત્યેક માનવીની પોતાના કાર્ય પ્રત્યે હૈયાની અને બુધ્ધિની શરણાગતિ. અડગ મન અનેમતિની વ્યકિતઓ પોતાનુંકાર્યક્ષેત્ર પસંદ કરી તેને પૂર્ણ આસ્થા અને ચૈતન્યથી વળગી રહે છે અને તે કાર્યક્ષેત્ર તેમનું ધર્મક્ષેત્ર બની રહે છે. કર્મયોગ એટલે નર્યો સ્પષ્ટ અભિગમ! જિંદગીની કેડી પર ચાલવા કે નવી કેડી કંડારવા કોઈક સિધ્ધહસ્ત વ્યકિતનો કે મિત્રનો સાથ, સહકાર અને શ્રધ્ધા જરૂરી છે. છોડની પાંદડી કે કૂપળમાં વસંત જોવાની દૃષ્ટિ હોય તો જ તેને અનંતનો અને આનંદનો સથવારો પ્રાપ્ત થાય છે. કોઈપણ તપસ્યાની ફળશ્રુતિરૂપે અવર્ણનીય આભાની રચનાઓ રચાયા વગર રહે નહિ. તેની દીર્ઘકાલીન શુભ અને શ્રેષ્ઠ અસર વાસ્તવિક વિક્ષુબ્ધતા ને વ્યથાને જોજનો દુર રાખી શકે છે.

**દાનગંગાના પ્રવાહ :**

**શ્રી પાટણ જૈન મંડળના શ્રી દિપકભાઈ ચંપકલાલ ઝવેરી શિક્ષણ સહાય ફંડ** અંતર્ગત **શ્રી આશિષભાઈ દીપકભાઈ ઝવેરી** (મનમોહનજીની શેરી) તરફથી રૂા.૨,૦૦,૦૦૦/- સંસ્થાને પ્રાપ્ત થયેલ છે. તે જ પ્રમાણે **શ્રીમતી ઉષાબેન જશવંતલાલ રસિકલાલ શાહ** પરિવાર (મલ્લાતનો પાડો) તરફથી પણ સંસ્થાને રૂા.૨,૦૦,૦૦૦/- અતિથિગૃહ રીનોવેશન ભેટમાં પ્રાપ્ત થયેલ છે. શ્રુતજ્ઞાનપ્રદાન નિધિ અને સિનીયર સીટીજન કોરપસ ફંડ અંતર્ગત **બાબુ જિતેન્દ્રભાઈ મહાનંદકુમાર પનાલાલ** તરફથી **સ્વ.બાબુ પૃથ્વીરાજભાઈ મહાનંદકુમાર પનાલાલ** (ખજુરીનો પાડો) ના સ્મરણાર્થે સંસ્થાને પ્રાપ્ત થયેલ છે. આ ઉપરાંત **શ્રી વાડીલાલ ચુનીલાલ ચેરીટી ટ્રસ્ટ** (મનમોહનજીની શેરી) તરફથી **શ્રી વાડીલાલ ચુનીલાલ શાહ** ઉચ્ચ શિક્ષણ પુસ્તક સહાય ફંડમાં રૂા.૧,૦૦,૦૦૦/- તેમજ સિધ્ધહેમ જ્ઞાનપીઠ ભેટમાં રૂા.૫૦,૦૦૦/- પ્રાપ્ત થયેલ છે. સંસ્થા આ સર્વે મહાનુભાવો નો સહૃદય આભાર માને છે.

**નૂતન વર્ષ સ્નેહ સંમેલન :**

શ્રી પાટણ જૈન મંડળ, પ્રોગ્રામ સમિતિ આયોજીત **શ્રી મણીલાલ લલ્લુચંદ શાહ (અતુલ ડ્રગ હાઉસ) પરિવાર** પ્રેરીત નૂતન વર્ષ સ્નેહ સંમેલનનું મરીન ડ્રાઈવ ખાતે શ્રી નિકેતન વાટિકા-ગાર્ડન મધ્યે **શનિવાર, તા.૧-૧૧-૨૦૧૪** ના રોજ આયોજન કરવામાં આવ્યું છે. દાતાપરિવારના **શ્રી સુનીલભાઈ ગુણવંતલાલ શાહ** તથા પ્રોગ્રામ સમિતિના મંત્રીઓને કાર્યક્રમની સફળતા માટે હાર્દિક શુભેચ્છા. આપસૌ મહાનુભાવોને મારી નમ્ર વિનંતી છે કે, ગમતાનોગુલાલ કરવા આબાલ વૃધ્ધ સૌ એકમેકને મળી નૂતન વર્ષની શુભેચ્છા પાઠવીએ. નૂતન વર્ષ સૌને સુખ અને સમૃધ્ધિ આપનાર નીવડે એ જ શુભેચ્છા!

પૂર્વધારણા વગરની વ્યકિત માટે કોઈ માર્ગ મુશ્કેલ નથી હોતો. કોઈપણ વ્યકિતની ઈચ્છા અને અનિચ્છા એ માત્ર મનનો રોગ છે. અતિરેકમાં અટવાયા કરવાથી અખિલાઈને જાણી શકાશે નહિ. સંદેહ કે વિવાદમાં સમય બગાડવો સર્વથા વ્યર્થ છે. ભૂતકાળનો પસ્તાવો કે ભવિષ્યની ચિંતા કર્યા વગર વર્તમાનમાં

### નૂતન વર્ષને ઉગમતે પ્રભાતે...

*નૂતન વર્ષને ઉગમતે પ્રભાતે સૂરજના સોનેરી કિરણોની જેમ સૌનું જીવન ઝળહળા અને ગૌરવવંતુ બને, સંકલ્પ સિધ્ધિને વરે એ જ અભ્યર્થના. શ્રધ્ધા અને સંસ્કૃતિરૂપે પ્રગટાવાતા દીપાવલીના દીવડાઓ હૈયે આનંદ, ઉત્સાહ અને ઉમંગની અનેરી જયોત જગાવે. હકારાત્મક નૂતન અભિગમ દ્વારા જયોતિકળશ છલકે અને રિધ્ધિસિધ્ધિ મલકે.*

❑ શ્રી પાટણ જૈન મંડળ

કર્તવ્ય કર્મ કરવું આવશ્યક છે. જે અહીંથી મેળવ્યું છે, તે અહીં જ આપવાનું છે. જે આજે તમારૂ છે, તે ગઈકાલે કોઈ બીજાનું હતું અને આવતી કાલે કોઈ બીજાનું થશે. આત્મા ન તો મરે છે ન તો જન્મે છે. તે અમર છે. વ્યર્થ ચિંતા છોડી ફળની આશા વગર સત્કાર્ય કરતાં રહો અદ્દભુત શાંતિ પ્રાપ્ત થશે.

**પંચામૃતનો મુખરિત પારાવાર !**

શૂન્યતા છોડી સંપર્ક સેતુ રચી આપણે એક સમતુલા જાળવીએ. લાચારી છોડી કાર્યરત રહી પ્રગતિની અને આનંદની કુટિરની આકાંક્ષા કરીએ. ગતિ અને પ્રગતિ કરીએ, એકાંતના જતન સાથે મેળામાં મહાલીએ, પ્રકૃતિ અને માનવપ્રકૃતિ સાથેના લયસુધી વિશ્વને બાહુમાં સમેટી લઈએ. એક અનન્ય ખુમારી અને ખુદ્દારીથી પ્રતિભા અને પ્રતિભાવ પ્રગટાવીએ. અપ્રતિમ વિશ્વાસ અને કાર્ય થકી રાવ, ફરીયાદ, ટીકા, ટીપ્પણ સિવાય આપણે જ અપણા ભાગ્યવિધાતા બનીએ.

**શ્રી વેણીભાઈ પુરોહિતે** કહ્યુ છે તેમ–

**‘હું પોતે મારામાં છલકું પંચામૃતનો મુખરિત પારાવાર !’**

આભાર... !

**પ્રમુખ અને મેનેજીંગ ટ્રસ્ટી**
**શ્રી પાટણ જૈન મંડળ**

# સાભાર–સ્વીકાર

**શ્રી દિપકભાઈ ચંપકલાલ ઝવેરી શિક્ષણ સહાય ફંડ**

૨૦૦૦૦૦ શ્રી આશિષભાઈ દિપકભાઈ ઝવેરી (મનમોહનજીની શેરી)

**અતિથિ ગૃહ રિનોવેશન ભેટ**

૨૦૦૦૦૦ શ્રીમતી ઉષાબેન જશવંતલાલ રસિકલાલ શાહ પરિવાર (મલ્લાતનો પાડો)

**શ્રુતજ્ઞાન પ્રદાન નિધિ ભેટ/સિનીયર સિટીઝન કોરપસ ફંડ/ આર્થિક સહાય ફંડ**

૧૦૧૦૦૦ બાબુ જિતેન્દ્રભાઈ મહાનંદકુમાર પનાલાલ
સ્વ. શ્રી બાબુ પૃથ્વીરાજભાઈ મહાનંદકુમાર પનાલાલના સ્મરણાર્થે (ખજુરીનો પાડો)

**શ્રી વાડીલાલ ચુનીલાલ શાહ ઉચ્ચ અભ્યાસ શિક્ષણ સહાય ફંડ**

૧૦૦૦૦૦ શ્રી વાડીલાલ ચુનીલાલ ચેરિટી ટ્રસ્ટ (મનમોહનજીની શેરી)

**સિધ્ધહેમ જ્ઞાનપીઠ ભેટ**

૫૦૦૦૦ શ્રી વાડીલાલ ચુનીલાલ ચેરિટી ટ્રસ્ટ (મનમોહનજીની શેરી)
૧૧૦૦૦ શ્રી ચિંતન પરેશ રજનીકાંત શાહ (વખતજીની શેરી)

**શ્રી વાડીલાલ ચુનીલાલ શાહ ઉચ્ચ અભ્યાસ શિક્ષણ સહાય ફંડ**

૧૦૦૦૦૦ શ્રી વાડીલાલ ચુનીલાલ ચેરિટી ટ્રસ્ટ (મનમોહનજીની શેરી)

**દવા સહાય ભેટ**

૫૦૦૦ પિતૃકા ચેરિટેબલ ટ્રસ્ટ

## શ્રી પાટણ જૈન મંડળ : વાર્ષિક પારિતોષિક વિતરણ સમારોહ

એસ.એસ.સી., એચ.એસ.સી., કૉલેજ લેવલ, ડિગ્રી ડિપ્લોમા કોર્સ તેમ જ અનેક શૈક્ષણિક ક્ષેત્રોમાંથી સમાજના વિદ્યાર્થી ભાઈ-બહેનો તેમની વાર્ષિક પરીક્ષામાં ઉચ્ચ સ્તરના ગુણાંક મેળવીને ગૌરવપ્રદ સિદ્ધિ હાંસલ કરી છે તેમને મંડળ તરફથી પારિતોષિક તથા મેરિટ સર્ટિફિકેટ એનાયત કરી દર વર્ષે અભિવાદન કરવામાં આવે છે. તેમ જ વર્ષ દરમ્યાન ‘પાટણ પ્રતિબિંબ’માં પ્રકાશિત થયેલી કૃતિઓમાંથી પસંદગી પામેલ શ્રેષ્ઠ કૃતિઓના લેખક ભાઈ-બહેનોનું **શ્રી નેમચંદ જેશંગલાલ શાહ (ગુંદરવાલા) સાહિત્ય પારિતોષિક** એનાયત કરી અભિવાદન કરવા માટેના સમારંભનું આયોજન કરાયેલ છે.

**દિનાંક : રવિવાર, તા. ૦૯-૧૧-૨૦૧૪ સમય : સવારે ૯-૪૫ કલાકે**

**સ્થળ : શ્રી પાટણ જૈન મંડળ સભાગૃહ, ૭૭, પાટણ જૈન મંડળ માર્ગ, મરીન ડ્રાઈવ, મુંબઈ-૪૦૦ ૦૨૦**

આ સમારંભમાં ઘણા વિદ્યાર્થીઓએ ઈનામ મેળવવા અંગેનું ફોર્મ ભરેલ છે, છતાં કોઈક વિદ્યાર્થીનું ફોર્મ ભરવાનું રહી ગયેલ હોય તો, તેવા વિદ્યાર્થીઓએ ઉપરોક્ત અભ્યાસક્રમ અંગેના છેલ્લી વાર્ષિક પરીક્ષાના પરિણામની ઝેરોક્ષ નકલ સાથે ફોર્મ ભરીને **તા. ૩૦-૧૦-૨૦૧૪ સુધીમાં મંડળના મુખ્ય કાર્યાલયમાં મોકલાવી આપવું.**

## સિધ્ધહેમ જ્ઞાનપીઠ – પાટણ

**સાધુ–સાધ્વીજી ભગવંતો અને મુમુક્ષુઓને શ્રુતજ્ઞાન પ્રદાન માટે આર્થિક સહયોગ આપનાર મહાનુભાવો**

- શ્રી રમણલાલ શાહ (પ્રદીપકુમાર એન્ડ કું.) રિલીજીયસ ટ્રસ્ટ (કુંભારીયા પાડો)
- શ્રી કેશવલાલ કીલાચંદ ચેરીટેબલ ટ્રસ્ટ (કુંભારીયા પાડો)
- મે. કે. સેવંતીલાલ એન્ડ કું. (ચિતારાની ખડકી)
- મે. મિલન જ્વેલર્સ (ઝવેરી વાડો)
- શ્રી ચિરાગભાઈ દિનેશભાઈ શાંતિલાલ શાહ (બ્રાહ્મણ વાડો)
- શ્રી દિનેશભાઈ રસિકલાલ શાહ (ડંક મહેતાનો પાડો)
- શ્રી યશવંતભાઈ હરિલાલ ઝવેરી (બ્રાહ્મણ વાડો)
- શ્રી મહાસુખલાલ પોપટલાલ શાહ (વાસુપૂજ્યની શેરી)
- શ્રી દિનેશભાઈ શાંતિલાલ શાહ (પોળની શેરી)
- શ્રી વિમલનાથ જૈન આરાધક સંઘ (વાલકેશ્વર)
- શ્રી જવાહર નગર જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ (ગોરેગામ)
- શ્રી સાંતાક્રુઝ જૈન તપગચ્છ સંઘ (સાંતાક્રુઝ)
- શ્રી શિરીષભાઈ રસિકલાલ શાહ પરિવાર (ઝવેરીવાડો) કલકત્તા
- સ્વ. શ્રી વિનોદભાઈ હીરાલાલ શાહ (લાદીવાળા) (કનાસાનો પાડો)
- સમ્યગ્ સાધના ઉપાશ્રયની શ્રાવિકા બહેનો તરફથી (ઢંઢેરવાડો)
- શ્રી ગુરુકૃપા માતૃમંદિર જૈન (તારદેવ)
- શ્રી વાડીલાલ ચુનીલાલ ચેરિટી ટ્રસ્ટ (મનમોહનજીની શેરી)
- શ્રીમતી દમયંતીબેન મંગળભાઈ શાહ (લખિયાર વાડો)
- શ્રીમતી પુષ્પાબેન સેવંતીલાલ શાહ (ડંક મહેતાનો પાડો)
- શ્રી પ્રમોદભાઈ મણિલાલ શાહ (ખેતરવસી)
- શ્રી ખોતાચી વાડી જૈન સંઘ (ખેતવાડી)
- શ્રી ચિંતન પરેશ રજનીકાંત શાહ (વખતજીની શેરી)

## તંત્રીસ્થાનેથી...

## અય દિલ આખિર ક્યું રોતા હૈ?

*અય દિલ આખિર કયૂં રોતા હૈ ?*
*જબ જબ દર્દકા બાદલ છાયા, જબ ગમકા સાયા લહેરાયા,*
*જબ આંસૂ પલકો તક આયા, જબ યે તન્હા દિલ ગભરયા,*
*હમને દિલકો યે સમજાયા, દુનિયામે યુ હી હોતા હૈ,*
*દિલ આખિર તૂ કયું રોતા હૈ ?*
*થોડા ગમ હૈ સબકા કિસ્સા, થોડી ધૂપ હૈ સબકા હિસ્સા,*
*આંખ તેરી બેકાર હી નમ હૈ, હર પલ એક નયા મૌસમ હૈ,*
*વકતને સબકો બાંટા હૈ, કયૂં તૂ ઐસે પલ ખોતા હૈ,*
*દિલ આખિર તૂં કયૂં રોતા હૈ ?*

જોગ સંજોગના અનુભવ માણસને ઘણું શીખવી જાય છે. જીવનમાં કાર્યો ફકત આદર્શ જ નહીં અનુભવ પણ માગેછે. અનુભવ માણસને માંજે છે - દૃષ્ટિને માંજે છે. વિકટ પરિસ્થિતિમાંથી મળતો અનુભવ અને તાલીમ વિકાસની સ્તુતિમાં અનન્ય ફાળો આપે છે. જિજીવિષામાંથી બહાર આવતો માણસ આપોઆપ દાર્શનિક બની જાય છે. અદકેરા જીવનનું મૂલ્ય સમજાય છે. અછતમાં મળતી મજા કુબેરના ખજાના જેવી લાગે. વર્ષો બચતા હોય તો વંદન કરવામાં સમજદારી છે. સુખના વાવેતરની કળા આપોઆપ શીખી જવાય. જે માણસ બચાવી શકે તેને સતાવતા પણ આવડે જ. કયારેક શરાફત કે ઈજજત સાચવવા સંજોગના કોળિયા થવું પડે. માનવીનો જયારે અહમ ઘવાય છે, ત્યારે માનસિક રીતે તે છિન્નભિન્ન થઈ જાય છે. અંગત લાગણીઓ એકબીજા સાથે પુરૂષો શેયર કરી શકતા નથી. પોતાની લડાઈ પોતે જ લડવી તેમાંજ પુરૂષાર્થનો પાયો હોય છે. આપણી વિચારધારા બદલાય તો જ સામાજિક રચના બદલાવી શકાય. ખરૂ પૌરૂષત્વ વિષમ સંજોગોમાં સમતાથી વર્તી તેનો સ્વીકાર કરવામાં હોય છે. હિંમત પરિસ્થિતિ અને સમય બદલવાની ક્ષમતા ધરાવે છે.

લાગણીઓ વ્યકત કરી પુરૂષ નબળો નહિ પણ સમૃધ્ધ બને છે, તેને ઉંમરનો થાક કે કંટાળાનો ભાર નથી લાગતો.

પુનરાવર્તનથી ન કંટાળી માનવી નવી કેડી કંડારે છે. કંડારવાની ખેવના કરે છે, તે પોતાની પ્રવૃત્તિનું સુકાન બદલે છે. માનવીએ પોતાની પ્રવૃત્તિને આત્મિયતાથી ને પ્રમાણિકતાથી તરાસવી કે તપાસવી જોઈએ. પ્રત્યેક જણ પાસે પોતાના હીરની ખમીરની કે અમીરીની સંપદા હોય છે. સંકલ્પ અને વિકલ્પ કરતાં અમલ વધુ મહત્વનો છે. સત્યનો સંગ એ જ કયારેક સાચો સત્સંગ બને છે. અંતઃકરણના આવરણને દૂર કરવું આવશ્યક છે. આનંદ આત્માનો ધર્મ છે. આંતરીક શક્તિ અને શાંતિ છે. સ્મૃતિ, સંસ્કાર અને સંકલ્પ એ આધ્યાત્મિકતા ને આકર્ષે છે. શ્રધ્ધા અને આશકિત બન્ને અસમાન હોય છે. આત્મસ્વરૂપ ચૈતન્યમાં પ્રવેશવાથી મન નિર્વિકાર થાય છે, આધ્યાત્મિક સંસ્કૃતિની પ્રજ્ઞાનું ગીત આપોઆપ પ્રગટશે.

વયને અને કળાને કોઈ પ્રત્યક્ષ કે પરોક્ષ સંબંધ નથી હોતો. ઉપકારની ભીતર છુપાયેલી લાલસા જોવા ઘણીવાર આંખની ઉંમર ટૂંકી પડે છે. કુદરતની પ્રત્યેક દેણગીમાં અહેસાન કરતા કૃપાનો ભાવ વધારે વર્તાય છે. સ્વજનો આપે તે સહારો, મિત્રો આપે તે સહકાર અન્ય કોઈ વ્યકિત કે સંસ્થા આપે તે અહેસાન. સમજણ, નિયત અને જરૂરત ત્રણે વસ્તુ મહત્વની છે. મનને લય કરતાં વિલય થવામાં વધુ રસ પડે. સસલાની જેમ ભાગતા મનને કાચબાનું ધૈર્ય આપવાનું કામ અઘૂરૂ જરૂર છે પણ અશકય નથી. ધ્યાન પધ્ધતિથી મન એકાગ્ર કરી શકાય છે. મનનું ચલિત કે ભ્રમિત થવું સ્વાભાવિક છે.

રંગભૂમિ પર દૃશ્ય સતત બદલાતા રહે છે. એ દૃશ્યોને કયારેક નિયતિની રંગલીલા તરીકે જોવાની ટેવ પડે તો હરખ-શોક ઘટે અને વિચારાવાનું વધે. અહંકાર જયારે ટકરાય ત્યારે અવાજ ન થાય. વ્યકિતનો અહંકાર ઈતિહાસ સર્જે છે.

માળીનો ઈતિહાસ ન હોય, કડીયાનો ઈતિહાસ સર્જી શકે. ઈતિહાસની અનૌરસ દીકરીને લોકો બરબાદી કહે છે. આપણે સૌ સંબંધોના નવા આયામ અને વરવા વ્યાયામ વચ્ચે ગોથા ખાઈએ છીએ.

❑ **સંપાદક સમિતિ**

### નૂતન વર્ષાભિનંદન

*શ્રી મહાવીર પ્રભુના નિર્વાણ કલ્યાણકથી શરૂ થયેલું શ્રી દીપાવલી મહાપર્વ તથા અનંતલબ્ધિ નિધાન ગુરૂ ગૌતમસ્વામીજીના કેવળજ્ઞાનના દિવ્ય તેજના કિરણોથી પ્રકાશિત આ નૂતન વર્ષ આપણને સૌને તમામ પ્રકારની સુખ-શાંતિ, સમૃદ્ધિ અને અભ્યંતર અને બાહ્ય પ્રગતિને પ્રદાન કરી આત્મકલ્યાણ કરનારૂં બની રહે એ જ નવા વર્ષનો નવો સંદેશ. નૂતન વર્ષમાં પ્રભુના પાવન ચરણે મનને સમર્પિત કરીએ. આપણે ક્રોધ, લોભ, ઈર્ષા, માન, કષાય, માયા આદિ દુર્ગુણોનો ત્યાગ કરી સેવા, પરોપકાર, પ્રેમ, ક્ષમા, દયા, સંતોષ આદિ સદ્‌ગુણોની સુવાસથી જીવનને મઘમઘતું બનાવીએ. આ જગતના સર્વે જીવો મારા મિત્ર છે એવી જીવનદૃષ્ટિ અને પ્રવૃત્તિને જીવનમાં અપનાવીએ, દિપોત્સવમાં વિલિન કરીએ. વર્ષભરના અંધકાર, નૂતન વર્ષના મંગળ પ્રભાતે અજવાળીએ સંકલ્પોનો ઉજાસ, એ જ હશે નવા વર્ષનો આદર અને સત્કાર.*

## સમગ્ર પાટણના બધા જ જિનાલયોના શુદ્ધિકરણનું વિશિષ્ટ આયોજન

### આગોતરૂ આમંત્રણ

**: આયોજક :**

શ્રી પાટણ જિનાલય પ્રભુભક્તિ અભિયાન સમિતિ
C/o. શ્રી મરીન ડ્રાઈવ જૈન આરાધક ટ્રસ્ટ
૭૭, પાટણ જૈન મંડળ માર્ગ, મરીન ડ્રાઈવ, મુંબઈ

**: પ્રેરણા :**

પાટણના પનોતા પુત્ર પૂજ્યપાદ પંન્યાસ પ્રવરશ્રી
**મેઘદર્શન વિજયજી મ. સાહેબ**

**: શુભ દિન :**

**સંવત ૨૦૭૧, મહા સુદ ૬, રવિવાર, તા. ૨૫-૦૧-૨૦૧૫**

માદરે વતન પાટણ નગરીના પ્રાચીન જિનાલયો અને અદ્ભુત-અલૌકિક પરમાત્માની ભવ્યતાને દેદિપ્યમાન કરવા સમગ્ર પાટણના બધા જ જિનાલયોના શુદ્ધિકરણનું વિશિષ્ટ આયોજન પ. પૂ. યુગપ્રધાન આચાર્યસમ **પંન્યાસપ્રવરશ્રી ચંદ્રશેખર વિ. મ. સાહેબ**ના શિષ્યરત્ન પૂજ્યપાદ **પંન્યાસપ્રવરશ્રી મેઘદર્શન વિજયજી મ. સાહેબ**ની પાવન પ્રેરણાથી, મહા સુદ ૬, રવિવાર, તા. ૨૫-૦૧-૨૦૧૫ના સવારે ૯ થી સાંજે ૫ વાગ્યા સુધી એકી સાથે, એક જ દિવસે કરાશે.

દરેક પટણી ભાઈ-બહેનને પોતાના મહોલ્લાના, પોતાના જિનાલયના શુદ્ધિકરણમાં જોડાવા સપ્રેમ નિમંત્રણ છે. પોતાના ઘરને ઘણીવાર સ્વચ્છ કર્યું. ચાલો, હવે પોતાના જિનાલયના શુદ્ધિકરણમાં જોડાઈએ. ભગવાન સાથે પોતાપણાનો ભાવ પેદા કરીએ. તે દિવસે પાટણમાં રહેવાની-જમવાની વ્યવસ્થા ગોઠવાશે. આપે પાટણ આપની રીતે આવવા-જવાનું રહેશે. વ્યવસ્થાની અનુકૂળતા રહે તે માટે અમો આ શુદ્ધિકરણ અવસરે આપને આગોતરૂં આમંત્રણ આપીએ છીએ, જેથી આપશ્રી રીઝર્વેશનાદિ કરાવીને પ્રભુભક્તિનો લાભ લઈ શકો. આપના રહેવા-જમવાની સુંદર વ્યવસ્થા ત્યાં કરી શકીએ તે માટે આપશ્રીના પરિવારમાંથી કોણ કોણ, કેટલા સભ્યો આવવાના છો? તેની અમને લેખીતમાં ઉપરોક્ત સરનામે જાણ કરવા વિનંતી છે.

**: સંપર્ક :**

**શ્રી કમલેશભાઈ શાહ (મો. ૯૮૨૦૦ ૪૫૫૯૫)**
**શ્રી પાટણ જિનાલય પ્રભુભક્તિ અભિયાન સમિતિ**

### અભિનંદન

કોકાના પાડાના, હાલ ઘાટકોપર સ્થિત **શ્રીમતી ઊર્મિલાબેન** તથા **શ્રી ચીનુભાઈ જેસીંગલાલ શાહ**ના પૌત્ર **ચિ. ભૂમિન સોનલ શાહ**, સવેરા ડે-કેર સેન્ટર સ્કૂલ તર્ફે મહારાષ્ટ્ર સ્ટેટ ટેબલ ટેનિસ ટુર્નામેન્ટ ફોર સ્પેશીયલ ચિલ્ડ્રન દ્વારા તા. ૨૦-૦૯-૨૦૧૪ના ગોરેગામ સ્પોર્ટ્સ ક્લબ ખાતે યોજાયેલ ટેબલ ટેનિસ સિંગલ્સ (બોયઝ ૨૧ વર્ષ અથવા વધુ)માં **ભાગ લઈ ચોથા સ્થાને વિજેતા થયા છે** તે બદલ એસોશીએશન ફોર ધી વેલફેર ઓફ પર્સન વીથ એ મેન્ટલ હેન્ડીકેપ્ડ ઈન મહારાષ્ટ્ર-રોટરી ક્લબ ઓફ મુંબઈ વરસોવા દ્વારા **ચંદ્રક તથા સર્ટિફિકેટ એનાયત કરી અભિવાદન કરવામાં આવેલ છે** એ બદલ હાર્દિક અભિનંદન.

### સંસ્થા સમાચાર

● શ્રી મારફતિયા મહેતા પાડાના પંચાહ્નિકા મહોત્સવ નિમિત્તે **માતુશ્રી જાસુદબેન રીખવચંદ ભગિની સમાજ** શેલબી હોસ્પિટલ, અમદાવાદના સહયોગથી પ્રેરણાદાતા **શ્રી મહેન્દ્રકુમાર રીખવચંદ શાહ** તા. ૨૫-૧૨-૨૦૧૪ તેમ જ તા. ૨૬-૧૨-૨૦૧૪ ના રોજ મેડિકલ ચેક-અપ કેમ્પનું આયોજન કરેલ છે.

(૧) ઘૂંટણ તથા થાપાના હાડકાના ચેક-અપ (૨) સ્ત્રી રોગ ચિકિત્સા (સ્ત્રી ડૉક્ટર) તેમ જ જનરલ ચેક-અપ.

**સ્થળ : માતુશ્રી જાસુદબેન રીખવચંદ ભગિની સમાજ**, કનાસડા દરવાજા, પાટણ (ઉ. ગુજરાત). સમય:સવારે ૯ થી ૬. ફોનઃ (પાટણ) ૦૨૭૬૬ ૨૨૧૩૦૦. મુંબઈ-**કિશોરભાઈ**-૦૯૮૬૯૮૩૬૯૫૦.

પાટણ ખાતે રહેતા આપણા પાટણના પરિવારમાંથી કોઈને પણ મેડિકલ ચેક-અપ કરાવવું હોય તો નામ નોંધાવશો..


શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ

**અલ્પા મેરેજ બ્યુરો**
**૧૭મા વર્ષમાં મંગલ પ્રવેશ**
**પાટણ સમાજનું મેરેજ બ્યુરો**
**નૂતન વર્ષાભિનંદન**
**શ્રીમતી અલ્પા શાહ** ૯૮૨૩૨ ૧૮૭૪૬
Email : alphashah5@yahoo.co.in
ADVT

**દાનની શરૂઆત જીવનની આનંદની વાત**
**દાન જગતનો પ્રાકૃત ધર્મ છે. દાન વગર જિંદગી અધૂરી**
દિલથી, મનથી, વિચારથી, વર્તનથી, સંજોગથી, સમજણથી દાન દરેકના જીવનમાં ગુંથાયેલ હોય છે જ. એક વાર આદતે દાન કરવાની શરૂઆત થાય, તે જીવનના અંત સુધી વધ્યા જ કરે છે.
**દાદર કબૂતરખાના-દાદર-મુંબઈ-૪૦૦૦૨૮.**
ચણની એક ગુણીના રૂા. ૧૦૦૦/-; દર મહીને બારે માસ રૂા. ૧૨૦૦૦/-
કાયમી વ્યાજમાંથી રૂા. ૫૧૦૦૦/- સંપર્ક : વર્ધમાન શાહ, દાદર. ટે. નં. ૨૪૩૦૯૭૫૫, ૨૪૩૬૩૩૧૮.મોબાઈલ : ૯૮૨૧૩ ૪૪૩૩૮.
ADVT

**પ્રથમ પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ**
*સુખથી કદી છલકાયા નહીં, દુ:ખથી કદી ડગ્યા નહીં*
*વ્યવહાર કદી ચૂક્યા નહીં, ધર્મ કદી ભૂલ્યા નહીં,*
*સેવાની ભાવનાથી આપે બનાવ્યું જીવનને સમૃદ્ધ,*
*અને સૌને આપી ગયા સુખ અને સમૃદ્ધિ....*
એવા પ. પૂજ્ય પિતાશ્રીને કારતક વદ ૨ ના પ્રથમ પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ
**શ્રી ઉમેશ ધનેન્દ્રકુમાર ભગુભાઈ શાહ (વાગોળનો પાડો)** ADVT

# વિચારોનું રિફ્લેક્શન

ઘડિયાળની ટિક ટિક અને જીવનમાં ચાલતી ખીટપીટ...બેઉનો આરામ શક્ય નથી. ચાલ્યા જ કરવા માટે એ બેઉ સર્જાયા છે. સમય થોભે તો બધું પતી જાય; એટલે જ જીવનમાં પણ થોભવું શક્ય નથી. અને એટલે જ 'રિહર્સલ્સ હોતા નથી માત્ર પરફોર્મન્સ હોય છે,' એ સચોટ વાક્ય બરાબર સમજવાનું છે.

ક્યારેક ટ્રેઈનમાં જતા હોઈએ, કોઈ સાથે પણ હોય અને એકાદ વ્યક્તિની વાત નીકળે એનાં વિશે પેટ ભરીને જેમ તેમ મત આપવામાં આવે અને ત્યાં જ પાછળની બેઠક પરથી એ વ્યક્તિ ખભા પર હાથ મૂકીને કહે, 'કેમ છો ?' મન તરત અપરાધભાવ અનુભવે અને પોતાની જાત ઉપર જ ગુસ્સો આવે. રહી ગ્યા'તા એલફેલ બોલ્યા વિના ?

ક્યારેક અમસ્તા ઘરની બહાર જઈએ આંટો મારવા...કોણ મળવાનું છે ? એવો વિચાર આવે અને વસ્ત્રો સાવ સાદા પહેર્યા હોય અને બરાબર એવા સમયે જ કોઈક વેરી ઈમ્પોર્ટન્ટ માણસ મળી જાય અને શરમથી પાણી પાણી થતાં મનમાં એક જ વિચાર આવ્યા કરે...માળું જરાક વ્યવસ્થિત તૈયાર થઇને નીકળ્યા હોત તો ?

બુદ્ધિશાળી માણસ કોને કહેવાય, એને જે દરેક પળે સતર્ક રહે. કરેલા પર પસ્તાવા અને બોલેલું સુધારવા માટે અહીં જગ્યા જ નથી. જે થશે એ બધું આખરી અને અફર રહેશે. ભૂલ કરનાર માટે ભૂલ સુધારવાનો મોકો હંમેશ આવતો નથી.

અહીંયા તો બહુ સારો નિયમ છે. જે કરશો એ બધું તમારા ખાતામાં નોંધાઈ જશે. સારું કરશો તો સારું નોંધાશે અને ખરાબ કરશો તો ખરાબ નોંધાશે. છૂટકો જ નથી.

રેતીનાં કણ કણથી દરિયા કિનારે રેતીનો દરિયો સર્જાય છે. અને વર્તનની નાની નાની ભૂમિ કે ખામીઓથી એક વ્યક્તિત્વ બને છે. યાદ રહે હવેથી આપણે સહુ માત્ર પર્ફોમન્સ કરવાને સર્જાયા છીએ. જેને પસ્તાવું કે હારવું હોય એને રિહર્સલ કરવા દો.

'મંદિરમાં શાંતિ-સ્નાત્ર ભણાવવું સહેલું છે, પણ... ઘરમાં... શાંતિ રાખવી અઘરી છે.' વિચારોનો પણ દેહ હોય છે. જેવા વિચારો કરીએ તેવો જ દેહ બંધાતો હોય છે. એટલે વિચારમાં પણ બીજાનું ખરાબ ન વિચારવું. શક્ય છે તમે પોતાનું જ નુકસાન પહેલાં કર લેશો.

## ક્યાં સુધી?

આ આંધળી દોટ ક્યાં સુધી ?
ક્ષણને વણથંભી સરતી ભાળી,
જરાક તો થોભો હવે-
પગરવ ક્યાંક ના દે હાથતાળી!

ફોગટ ફેરા શા કામના ?
અધૂરી છે સફર આપ વિનાની,
ચાલો મુક્ત મને જીવવા,
બનીએ આપણે જ જીવન માળી!

ફોરાનો રવ સાંભળ્યો ?
અને માટીની ભીની ફોરમ !
પંખીનો કલરવ માણ્યો,
સંધ્યા ખુબ ગુલાબી ખીલી!

આવિર્ભાવ આશાનો થાય,
ધગશે કિનારો પાર કરાય,
કાર્યે જ જીત મેળવાય,
એને જીવન કહેવાય !

મ. ને.

તમે જેવું સામેની વ્યક્તિ માટે વિચારશો એવું જ એ પણ તમારા માટે વિચારશે. પોતાના કારણે કોઈને દુઃખ ન પહોંચે એટલું કરનારાનું જીવન સરળ ગણાય.

ખરા સમય પર ખરો નિર્ણય લેતાં આવડે તો સફળતા કે સુખ મેળવી શકાય. હળવાશથી કહો તો કોઈની સાથે કડવાશ નહીં થાય. બીજાઓની ખામીમાં રસ લેવો એ આપણી ખામી છે. પોતાનામાં શ્રદ્ધા હોય એ માણસ કોઈ પણ મુશ્કેલીમાંથી રસ્તો કાઢી શકે.

☐ **શ્રીમતી રાગીણીબેન ભરતભાઈ શાહ**


**શ્રી પાટણ પંચાયત ફંડ સંચાલિત શેઠાણી હિરાલક્ષ્મી પુનમચંદ કોટાવાળા જૈન ભોજનશાળા**

ટાંગડિયા વાડો, પાટણ-ફોન : ૦૨૭૬૬-૨૨૫૮૫૩

**નૂતન સહાય યોજના**

**મુખ્ય આધાર સ્થંભ : રૂા. ૩,૧૧,૦૦૦/- ● સહાયક આધાર સ્થંભ : રૂા. ૧,૧૧,૦૦૦/-**

**કાયમી તિથિ : રૂા. ૩૧,૦૦૦/- ● દાતા ફોટો યોજના : રૂા. ૩૧,૦૦૦/-** રકમ આપનાર દાતાનો ફોટો ભોજનશાળા હૉલમાં મૂકવામાં આવશે.

**વાર્ષિક ચતુર્વિધ સંઘ ભક્તિ સહાયક યોજના : રૂા. ૨,૫૦૦/-** ચતુર્વિધ સંઘ ભક્તિનો એક દિવસની તિથિનો લાભ મેળવી શકો છો.

**તિથિના દિવસે બોર્ડ પર લાભાર્થીના નામ લખવામાં આવશે.**

**આ સંસ્થાને અપાતું દાન ૮૦-જી અનુસાર કરવેરામાં રાહતને પાત્ર છે**

સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા એટલે કે ચતુર્વિધ સંઘ જૈની ગણના જૈનશાસ્ત્રમાં પચ્ચીસમાં તીર્થંકરની બરાબર કરવામા આવેલ છે.
એ ચતુર્વિધ સંઘની ભક્તિનું ઉત્કૃષ્ટ કાર્ય આપણા વડીલોએ સ્થાપેલ પાટણની આ ગૌરવવંતી સંસ્થા છેલ્લા ૧૧૦ વર્ષથી કરતી આવી છે.
આપશ્રી પણ આપની ભાવના અનુસાર ઉપરોક્ત કોઈપણ યોજનામાં સહયોગ આપી સમાજસેવાનું અતિ ઉત્કૃષ્ટ કાર્ય કરી શકો છો.

**વધુ વિગત માટે સંપર્ક : શ્રી મહેન્દ્રભાઈ કસ્તુરચંદ શાહ - મો. ૯૮૨૧૦૧૨૫૧૮**

● સૌજન્ય : **મે. પ્રદીપકુમાર ફાર્મા પ્રા. લિ. તથા મે. કે. સેવંતીલાલ એન્ડ કાં., મુંબઈ** ●

ADVT

# 25 YEARS' GROWTH AT A GLANCE

| Year | Total Fund | Sahay & Other Activities | Surplus ( Deficit) | Educational Loan | | Investments | Members | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | India | Foreign | | Managing Committee | Ordinary |
| | Rs. in Lacs | Rs. in Lacs | Rs. in Lacs | Rs. in Lacs | Rs. in Lacs | Rs. in Lacs | Nos. | Nos. |
| 1989-90 | 96.52 | 8.86 | 0.90 | 0.17 | 0.00 | 73.43 | 128 | 2163 |
| 1990-91 | 119.48 | 11.35 | (6.89) | 0.66 | 0.00 | 98.98 | 148 | 2207 |
| 1991-92 | 142.91 | 13.05 | (16.46) | 0.93 | 0.00 | 102.98 | 148 | 1771 |
| 1992-93 | 157.97 | 11.87 | (18.35) | 0.43 | 0.00 | 123.91 | 148 | 1915 |
| 1993-94 | 185.98 | 12.61 | (18.23) | 0.65 | 0.00 | 147.48 | 176 | 2325 |
| 1994-95 | 229.04 | 16.30 | (18.46) | 0.83 | 0.00 | 191.84 | 177 | 2560 |
| 1995-96 | 281.23 | 24.97 | (18.36) | 0.95 | 0.00 | 242.29 | 188 | 2557 |
| 1996-97 | 311.40 | 32.13 | (18.49) | 1.35 | 8.00 | 271.68 | 211 | 2716 |
| 1997-98 | 347.87 | 38.73 | (15.77) | 2.15 | 0.00 | 315.10 | 224 | 2669 |
| 1998-99 | 446.55 | 38.86 | (14.43) | 2.70 | 13.50 | 392.68 | 233 | 2468 |
| 1999-2000 | 483.59 | 46.62 | (10.19) | 2.40 | 17.50 | 430.17 | 243 | 2533 |
| 2000-2001 | 528.82 | 40.36 | (4.55) | 2.43 | 6.00 | 549.97 | 265 | 2624 |
| 2001-02 | 569.45 | 43.86 | (6.54) | 2.33 | 6.00 | 580.38 | 264 | 2687 |
| 2002-03 | 625.15 | 60.53 | (24.39) | 2.13 | 3.00 | 567.99 | 329 | 2720 |
| 2003-04 | 663.73 | 61.38 | (30.41) | 2.40 | 8.00 | 618.49 | 351 | 2791 |
| 2004-05 | 729.33 | 87.00 | (25.27) | 4.38 | 11.00 | 677.64 | 378 | 2802 |
| 2005-06 | 782.20 | 57.74 | (28.14) | 2.75 | 4.50 | 735.14 | 436 | 2744 |
| 2006-07 | 824.14 | 84.98 | (33.18) | 3.45 | 0.00 | 771.39 | 455 | 2820 |
| 2007-08 | 897.20 | 78.17 | (41.82) | 2.30 | 0.00 | 827.49 | 471 | 2727 |
| 2008-09 | 966.21 | 89.58 | (17.36) | 2.40 | 0.50 | 894.89 | 486 | 2798 |
| 2009-10 | 1083.91 | 112.35 | (12.07) | 2.35 | 0.00 | 1036.09 | 525 | 4071 |
| 2010-11 | 1212.56 | 140.04 | (33.75) | 8.10 | 5.00 | 1103.64 | 538 | 4350 |
| 2011-12 | 1321.00 | 147.51 | (61.70) | 10.15 | 6.00 | 1237.83 | 577 | 4431 |
| 2012-13 | 1465.20 | 137.18 | (80.16) | 29.75 | 2.00 | 1316.66 | 625 | 4456 |
| **2013-14** | **1862.63** | **126.29** | **0.45** | **16.95** | **4.00** | **1772.56** | **663** | **4424** |

**F.Y. 2013-14: The Best year for all round progress.**

**Deficit Rs. 80.16 Lakhs turned into surplus Rs.45 thousand.**

**Sahay:**

Educational, Medical, Arthik, Senior Citizen, Viklang Utkarsh, Mahila Utkarsh and Bhada Sahay.

**Other Activities:**

**At Patan:** B.D.S. Vidhyalay, P.J.M. Chhatralay, P.K. Atithigruh, L.D.Zaveri Bath, B.C. Jhaveri Vidhyarthi Gruh, Diwalibai Udhyog Shala, Siddhhem Gnanpith, Suramya Balvatika, Jain Academy & Research Centre.

**At Mumbai:** M.B.Dawavala Library, Properties of Marine Drive, Ratannagar, Bhayandar, Goregaon, Patan Pratibimb, Vastipatrak, Nimit (For Yuth wing), Jivan Saurabh (For Senior Citizen), Vyakhyan, Dandia Ras,

Talent Parade, Cultural Activities, Samuh Lagna, Sneh Sammelan, Bhukamp Rahat, Sports, Health Care Centres, Diksharthi Bahuman.

| *Name of Funds & its Donors* | *As on Yearending 31st march 2014*<br>*Corpus* Rs.in Lacs | *Application* Received | *Sanction* Rs.in Lacs |
|---|---|---|---|
| *DETAILS OF CORPUS & SAHAY FOR ARTHIK & BHADA SAHAY* | | | |
| **Aarthik Sahay Fund** | | | |
| 1 Smt Motiben Manilal Vadilal Zaveri | 18.94 | | |
| Smt. Hansaben Rameshchandra Chabildas Jhaveri | 25.00 | | |
| 2 Arthik Sahay General Fund Mandal | 33.88 | | |
| Arthik Sahay | | 85 | 4.62 |
| Bhada Sahay | | 81 | 2.60 |
| **Grand Total** | **77.82** | | **7.22** |
| *DETAILS OF CORPUS AND SAHAY FOR MAHILA UTKARSH SAHAY* | | | |
| **Mahila Utkarsh Fund** | | 42 | 2.99 |
| 1 Late Kanchi Jatinkumar Zaveri (Saheba) | 14.52 | | |
| 2 Mahila Utkarsh General Fund Mandal | 2.80 | | |
| **Grand Total** | **17.32** | | |
| *DETAILS OF CORPUS AND SAHAY FOR SENIOR CITIZENSAHAY* | | | |
| **Senior Citizen Fund** | | 114 | 8.15 |
| 1 Smt Kantaben Chimanlal Shah | 7.50 | | |
| 2 Smt. Kalaben Laxmichand Zaveri | 7.50 | | |
| 3 Shri Kesarichand Jesinglal Shah | 20.67 | | |
| 4 Senior Citizen General Fund Mandal | 64.34 | | |
| **Grand total** | **100.01** | | |
| *DETAILS OF CORPUS & SAHAY FOR VIKLANG UTKARSH SAHAY* | | | |
| **Viklang Utkarsh Fund** | | 29 | 4.51 |
| 1 Shri Alkesh Bhadrakumar Memorial Trust | 9.05 | | |
| 2 Shri Pannalal Mafatlal Chudgar | 11.70 | | |
| 3 Smt.Niruben Sevantilal Dalpatchand Shah | 7.62 | | |
| 4 Viklang Utkarsh General Fund Mandal | 37.13 | | |
| **Grand Total** | **65.50** | | |
| **Shrutgnan Pradan Nidhi - Siddhahem Gnanpith** | | | Expense |
| 1 Smt Menaben Kilachand (Keshavlal Kilachand Trust) | 7.50 | | 2.41 |
| 2 Bhogilal Laherchand Zaveri | 7.50 | | |
| 3 Babu Amichand Panalal Adeshvar Temple Ch. Trust | 7.50 | | |
| 4 Shrutgnan General Fund Mandal | 8.20 | | |
| **Grand Total** | **30.70** | | |
| *DETAILS OF CORPUS AND EXPENSES FOR OTHER ACTIVITIES* | | | |
| **Udhyam Protsahan (Repayable) Sahay** | | | |
| Shri Arvind Girdharlal Shah | 7.38 | 6 | 1.47 |
| **Programme** | | | Expense |
| **Nutan Varsh Sneh Sammelan** | 18.51 | | 4.85 |
| Shri Manilal Lalluchand Shah (Atul Drug House) | | | |
| **Vyakhan** | 1.02 | | 0.15 |
| Shri Popatlal Bhikachand Zaveri Vyakhan | | | |
| **Cultural Activities** | 11.00 | | 1.81 |
| Smt Sushilaben Chandrakumar Zaveri (Saheba) | | | |

## એક પગ તો પાટણ કરીએ કાયમ...

ચાલો જરા માદરે વતનને કરીએ યાદ
કરી ભૂમિને પ્રણામ, નગરજનોને કરીએ સાદ
જાજરમાન જિનાલયોથી શોભતું શહેર પાટણ
મહોલ્લાઓ અને વાડાઓનું કરીએ સંરક્ષણ
વાસ્યા જ્યાં કાયમી ધોરણે તાળા કમાડે,
ખોલી પુનઃ દ્વાર સુના, ઘર આપણાં કરીએ આબાદ
ખ્યાતિ પ્રાપ્ત પટોળાનું સ્થાન જગતમાં જાળવવા,
એક પગ તો પાટણ ખાતે કરીએ કાયમ
વર્લ્ડ હેરિટેજમાં મળ્યું છે જેને સન્માન,
ગરિમા રાણકીવાવની સાચવવા કરીએ શંખનાદ
મોબાઈલ ને ફોનથી ભલે કરીએ વાર્તાલાપ
અવસરે તો અવશ્ય હાજર રહી કાં ન કરીએ સંવાદ.
રહીએ ભલે દેશ કે વિદેશના કોઈપણ ખુણે,
વરસે એકાદવાર તો પાટણ કરીએ પ્રવાસ
ચાલો જરા માદરે વતનને કરીએ યાદ....!
ચાલો જરા માદરે વતનને કરીએ યાદ...!

❑ **જ્ઞાનેશ લાપસીયા**

## ભાગવતી દીક્ષા

● શ્રી રસિકલાલ કેશવલાલ શાહ (કોકાનો પાડો)ના પુત્ર ભરતભાઈ રસિકલાલ શાહના સુપુત્ર શ્રી રૂચિનભાઈ ભરતભાઈ શાહ (ઉમર વર્ષ ૨૬) Final CA ની ભાગવતી દીક્ષા આચાર્ય શ્રી અભયશેખર સૂરિશ્વર મ. સા. વરદ હસ્તે નક્કી થયેલ છે. માતાનું નામ શ્રીમતી ઈલાબેન ભરતભાઈ શાહ. મુમુક્ષુ રૂચિનકુમારનું પ્રવજ્યા પ્રદાનનું મંલગ મુહૂર્ત વિક્રમ સંવત ૨૦૭૧, **પોષ વદ ૧૩ રવિવાર તા. ૧૮-૦૧-૨૦૧૫.** સ્થળ : ગુરુકુલ સ્કૂલ, ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૭૭.

## અઠ્ઠમ તપ આરાધના – પાટણ

**શ્રી જોગીવાડા શામળાજી પાર્શ્વનાથજી જૈન દહેરાસર સંકુલ, પાટણ** મુકામે **શ્રી પાર્શ્વનાથ** જન્મ કલ્યાણક અઠ્ઠમ તપની આરાધના, માગસર વદ ૯,૧૦,૧૧ સંવત ૨૦૭૧ ના ડીસેમ્બરની ૧૬ થી ૧૮ તારીખે કરવામાં આવશે. આરાધકોને આ માટેના ફોર્મ તા. ૧-૧૧-૨૦૧૪થી પાટણ **શામળાજી દહેરાસર**ની પેઢી ઉપરથી તેમજ મુંબઈમાં **શ્રી બાબુ અમીચંદ પનાલાલ આદેશ્વરજી જૈન દેરાસર,** રીજ રોડ, વાલકેશ્વરથી મળી શકશે. ઉપર્યુકત પ્રસંગની આરાધના કરાવવાના લાભાર્થી **શ્રી નરેશભાઈ નવનીતલાલ મણીલાલ શાહ પરિવાર** (ભાભાનો પાડો) છે.

## વિકલાંગ સમાચાર

શ્રી પાટણ જૈન મંડળની વિકલાંગ સમિતિ દ્વારા સંચાલિત 'દિશા' પાટણમાં વર્કશોપમાં હંમેશાં વિવિધ વસ્તુઓ બનાવતી રહે છે પણ બનેલી વસ્તુઓને બજારમાં મૂકવી અને તેનું વેચાણ પણ કરવું જ રહ્યું ! આપણી પાસે એવું કોઈ આઉટલેટ સ્ટોર જેવું કશું જ નથી કે જ્યાં આપણે વેચાણ કરી શકીએ. પરંતુ તેના માટે JIWO આપણને વૈકલ્પિક પ્લેટફોર્મ પુરૂં પાડે છે. આટલા મોટા પ્રદર્શનમાં આપણને સ્ટોલ મળવો એ મોટા ગૌરવની બાબત કહેવાય. આ બધું શક્ય બને છે ડૉ. **દીપ્તિબેન નિખિલભાઈ શાહ** તથા **શ્રીમતી સાધનાબેન મહેન્દ્રભાઈ શાહ** (કુંભારીયા પાડો)ના સક્રિય પ્રયાસો થકી. હર વખતે યાદ કરીને સ્ટોલની સુવિધા આપે છે જેમાં સુંદર વેચાણ થય છે એ બદલ તેમને તેમ જ JIWOને ખૂબ ખૂબ ધન્યવાદ.

### પાટણનું ગૌરવ : હાર્દિક અભિનંદન

પાટણ કસુંબીયા વાડા, હાલ મરીનડ્રાઈવ, મુંબઈ સ્થિત **શ્રીમતી રંજનબેન** તથા **શ્રી નરેન્દ્રકુમાર રસિકલાલ પરીખ**ના પ્રપૌત્ર તથા **શ્રીમતી મીનળબેન** તથા **શ્રી રોનકભાઈ પરીખ**ના આત્મજ **ચિ. નયસાર**ની ઝળહળતી સફળતાએ CA ની ડિગ્રી A ગ્રેડ સાથે, સમગ્ર ભારતમાં ૨૦મો નંબર મેળવી ઉત્તીર્ણ થયેલ છે અને સાથે CS ની ડિગ્રી પણ મેળવેલ છે.

આ અનેરી સિદ્ધિએ માત્ર પરિવારને જ નહિ સમાજ અને પાટણ સંસ્થાને પણ ગૌરવ અને ગર્વ અપાવેલ છે.

સંસ્થા **ચિ. નયસાર**ને ખૂબ ખૂબ અભિનંદન સહ શુભેચ્છા પાઠવે છે


## કનાસા કલ્યાણ કેન્દ્ર
## દશેરા–દિવાળીના તહેવારો માટે સ્પેશીયલ ઑફર

● પાટણની સ્વાદિષ્ટ મીઠાઈઓ જેમ કે, મોહનથાળ, દેવડા, મગદળ ઉપરાંત શુદ્ધ ઘીના સફેદ ખાખરા, મસાલા ખાખરા, મીઠી અને તીખી મુગડીના ખાખરા, સાજી તથા મરીના સફેદ તથા લાલ પાપડ માટે તમારો ઑર્ડર નોંધાવો.

**જીતુભાઈ – ૦૨૨ ૩૨૦૫૨૬૯૦ ● જયેશભાઈ – ૦૯૯૨૦૩૮૫૫૯૭**

● કનાસા કલ્યાણ કેન્દ્રમાં અતિથિ ગૃહમાં ટી. વી. અને ઍરકન્ડીશન્ડ જેવી અદ્યતન સુવિધાઓ સાથેની ચાર રૂમો ઉપલબ્ધ છે તથા રહેવાની સાથોસાથ આપને નવકારશી, બપોરના જમવા ઉપરાંત ચૌવિહારની વ્યવસ્થા પણ થઈ શકશે. સાથોસાથ 'પાટણ દર્શન' માટે પણ વ્યવસ્થા ગોઠવી આપવામાં આવશે.

બુકિંગ માટે સંપર્ક :

કનાસા કલ્યાણ કેન્દ્ર – પાટણ – **૦૨૭૬૬ ૨૨૪૭૨૦**

જનકભાઈ બાલુભાઈ શાહ – **૦૯૩૨૩૧ ૧૫૭૧૪** ● કમલભાઈ બાબુભાઈ શાહ– **૦૯૮૨૦૦૬૩૭૬૨**  ADVT

## શ્રી પાટણ જૈન મંડળ સંચાલિત

# શ્રી બી.ડી.એસ. વિદ્યાલય,પાટણ : પ્રગતિ અહેવાલ

તા.૮-૦૮-૨૦૧૪ ના રોજ આપણી શાળાના બે વિદ્યાર્થીઓ કવીઝ-કોમ્પીટીશનમાં ગયેલ. બે વિદ્યાર્થીઓએ શિલ્ડ મેળવ્યા હતા. તા.૧૫-૦૮-૨૦૧૪ ના રોજ સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે કરાટે તથા સાંસ્કૃતિક કાર્યક્રમ સાથે ગુજરાતના મુખ્ય મંત્રી શ્રીમતી આનંદીબેન પટેલના વરદ હસ્તે કોલેજ કેમ્પસમાં ધ્વજવંદન કરાવવામાં આવ્યું.

જિલ્લા કક્ષાએ રમતોત્સવ યોજાઈ ગયો. ફૂટબોલ સ્પર્ધામાં ભગવતી ઈન્ટરનેશનલ સ્કુલ સામે આપણી શાળાના વિદ્યાર્થીઓ જયુડો, સ્કેટીંગ અને બાસ્કેટ બોલમાં પારિતોષિકો પ્રાપ્ત કર્યા. રોટરેકટ કલબ દ્વારા કવીઝ-કોમ્પીટીશનમાં પણ ધો.૧૧ સાયન્સ અને ધો.૧૨ આર્ટસના વિદ્યાર્થી એ ઉત્તમ દેખાવ કરી શાળાને ટ્રોફી અપાવી હતી.

તા.૨૩-૦૮-૨૦૧૪ ના રોજ આપણી શાળામાં કયુડીસી કક્ષાના વિજ્ઞાન મેળામાં વિદ્યાર્થીઓએં અનેક કૃતિઓ રજૂ કરી વિજય પ્રાપ્ત કર્યો હતો. તા.૨૮-૦૮-૨૦૧૪ ના રોજ એસવીએસ કક્ષાના વિજ્ઞાનમેળામાં ગોપાલક હાઈસ્કુલ ખાતે માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક વિભાગમાં એક એક કૃતિઓ પ્રથમ નંબરે આવી.

જિલ્લા શિક્ષણ અધિકારીશ્રી તથા ડીઆઈએટી પાટણના સંયુકત ઉપક્રમે તા.૨૩-૦૮-૨૦૧૪ ના રોજ જીડીસી કક્ષાનું ગણિત-વિજ્ઞાન મેળાનું આયોજન ગોઠવાયું હતું. આ વિજ્ઞાન મેળામાં કન્વીનર **ડૉ.બી.આર. દેસાઈ**ની દેખરેખ હેઠળ શાળાના ગણિત-વિજ્ઞાન શિક્ષક શ્રીઓએ આ કાર્યક્રમને સફળ બનાવવા તેમજ શાળાના વિદ્યાર્થીઓની સુષુપ્ત શકિતઓને વધુ તેજોમય બનાવવા પ્રયત્ન કર્યો હતો. . તેમાં આપણી શાળાના માધ્યમિક વિભાગ તેમજ ઉચ્ચતમ માધ્યમિક વિભાગમાં બે કૃતિઓએ પ્રથમ નંબર પ્રાપ્ત કર્યો હતો. આમ આપણી શાળાની કુલ ચાર કૃતિઓએ પ્રથમ નંબર પ્રાપ્ત કરેલ છે.

શાળામાં વ્યસનમુકિત માટે નાટક ઉપરાંત શાળા પટાંગણમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન **શ્રી ડી.જી.પ્રજાપતિ સાહેબે** કર્યુ તથા **શ્રી કે.વી.ઓઝા સાહેબે** માર્ગદર્શન આપ્યું. શિક્ષક સન્માન દિવસે શાળાના નિવૃત્ત શિક્ષકો **શ્રી એ.જી.પટેલ સાહેબ** અને **કુ. ડૉ.લીલાબેન એચ. દેવડા**ને આમંત્રીત કર્યા. સમગ્ર કાર્યક્રમનું આયોજન શાળાના શિક્ષક **શ્રી પી..આર. દેસાઈએ** કર્યુ. શાળાના ધો.૧૧ અને ધો.૧૨ ના વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓના વાલીગણની મીટીંગનુંઆયોજીત કરવામાં આવ્યું હતું.

પાટણ જિલ્લા કક્ષાએ ગણિત, વિજ્ઞાન પ્રદર્શન જિલ્લા શિક્ષણ કચેરી, ડાયેટ અને શ્રી બી.ડી.સાર્વ. વિદ્યાલયના સંયુકત ઉપક્રમે આપણી શાળામાં કરવામાં આવેલ. સદર ગણિત-વિજ્ઞાન પ્રદર્શનમાં એસ.વી.એસ. કક્ષા અને ઓ.બી.સી. કક્ષાએ વિજેતા થયેલ કુલ ૭૫ કૃતિઓ નિદર્શનમાં મુકવામાં આવી હતી. પાટણની તમામ શૈક્ષણિક સંસ્થાઓ આ પ્રદર્શન જોવા માટે શાળાની મુલાકાત લીધી હતી. આપણી અદ્યતન કોમ્પ્યુટર લેબ. પાટણ જિલ્લાની શાળાઓમાં અવ્વલ નંબર ધરાવે છે. આ લેબના શાળાના ધો.૯ થી ધો.૧૨ સુધીના વિદ્યાર્થીઓ રસપૂર્વક લાભ લઈને પોતાની કારકીર્દિ આગળ ધપાવે છે.

આ ઉપરાંત સમરકેમ્પમાં પણ શાળાના તેમજ શાળા બહારના વિદ્યાર્થીઓ માટે વિવિધ કોર્ષ ચલાવવામાં આવે છે. જેમાં બેઝીક, ટેલી, ડીટીપી, ફોટોશોપ, એમએસ ઓફીસ જેવા કોર્ષ ચાલે છે. પ્રાથમિક વિભાગની અદ્યતન કોમ્પ્યુટર લેબમાં ધો.૫ થી ૮ ના વિદ્યાર્થીઓને કોમ્પ્યુટરનું જ્ઞાન આપવામાં આવે છે. પ્રાથમિક વિભાગમાં આશરે ૪૦૦ વિદ્યાર્થીઓ આ લેબનો લાભ લે છે. આર્ટસ, કોમર્સ અને સાયન્સના કુલ ૩૩૪ વિદ્યાર્થીઓ પણ લેબનો ઉપયોગ કરે છે.

જુદા જુદા વર્ષોમાં શાળામાં કોમ્પ્યુટર રાખનાર વિદ્યાર્થીઓની સંખ્યા અને બોર્ડની પરીક્ષા પછી જુદી જુદી શાખાઓમાં જનાર વિદ્યાર્થીઓની સંખ્યા નીચે મુજબ છે.

| | વર્ષ ૧૨-૧૩ - | ૧૩/૧૪ |
|---|---|---|
| **વિદ્યાર્થીઓ** | ૯૦૦ | ૯૮૦ |
| સી.ઈ | ૩૫ | ૩૦ |
| બીસીએ | ૪૦ | ૩૭ |
| પીજીડીસીએ | ૩૫ | ૨૨ |
| એમએસસીઆઈટી | ૨૦ | ૨૦ |
| આઈટીઆઈ | ૧૮ | ૨૦ |

.જૈન જાગૃતિ મંડળ દ્વારા આયોજીત THE WORKSHOP ON SUCCESSFUL EXAM AND MEMORY TRAINING સેમીનારમાં આપણી શાળાના ૮૦ વિદ્યાર્થીઓએ લાભ લીધો હતો

**ઉજજવળ કારકીર્દિનું ઘડતર કરતાં વિદ્યાર્થીઓની સંખ્યા :**

| | કુમાર | કન્યા | કુલ |
|---|---|---|---|
| બાલમંદિર | ૪૦ | ૨૦ | ૬૦ |
| પૂર્વ પ્રાથમિક ધો.૧ થી ૪ | ૬૪ | ૫૦ | ૧૧૪ |
| પ્રાથમિક ધો.૫ થી ૮ | ૨૦૦ | ૮૨ | ૨૮૨ |
| ધો.૯ થી ૧૦ | ૩૨૮ | ૯૩ | ૪૨૧ |
| ધો.૧૧ થી ૧૨ | ૪૦૯ | ૧૦૧ | ૫૧૦ |
| આર્ટસ કોલેજ | | | ૧૬૮ |
| સાયન્સ કોલેજ | | | ૧૨૫ |
| કોમર્સ કોલેજ | | | ૪૧ |
| **કુલ વિદ્યાર્થી** | | | **૧૭૨૧** |

શાળાના માનદમંત્રીઓ **શ્રી યશવંતભાઈ ઝવેરી તથા શ્રી દિનેશભાઈ એસ. શાહ** અવારનવાર નિયમિતપણે શાળાની મુલાકાત લે છે. તા.૧૯-૦૯-૨૦૧૪ થી તા.૨૪-૦૯-૨૦૧૪ દરમ્યાન પાટણ ખાતે રૂબરૂ મુલાકાત લઈ વિદ્યાર્થીઓ, વાલીઓ, શિક્ષકો અને કોલેજના પ્રાધ્યાપકો તેમજ સ્થાનિક સમિતિના સભ્યો સાથે વિસ્તૃતપણે ચર્ચા વિચારણા કરી જરૂરી માર્ગદર્શન આપ્યું હતું.

## સંસ્થા સમાચાર

● શ્રી વિલેપારલા પાટણ જૈન મિત્ર મંડળનો એક કાર્યક્રમ તા. ૧૪-૦૯-૨૦૧૪ રવિવારે ચૈત્ય પરિપાટી સાથે પિકનિકનો લોનાવલા ટ્રેઝર આઈલૅન્ડ ખાતે રાખવામાં આવ્યો હતો જેમાં ૧૫૦ સભ્યોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. બીજો કાર્યક્રમ રવિવાર તા. ૧૧-૧૦-૨૦૧૪ના દાંડિયારાસનો યોજવામાં આવ્યો હતો, જેનો સંપૂર્ણ ખર્ચ **પ્રમુખશ્રી જશવંતભાઈ મણિલાલ શાહે** (ભાભાનો પાડો) આપ્યો હતો, જેમાં ૨૫૦ સભ્યોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

નવા વર્ષનો પ્રથમ કાર્યક્રમ રવિવાર તા. ૧૧-૦૧-૨૦૧૫ના સવારે નવીનભાઈ ઠક્કર હોલમાં આયોજિત કરવામાં આવ્યો છે, જેમાં ટેલન્ટ કોન્ટેસ્ટ રાખવામાં આવી છે. જે સભ્યોને આ ટેલન્ટ કોન્ટેસ્ટમાં ભાગ લેવો હોય તેઓને માનદમંત્રીઓનો સંપર્ક સાધી નામ નોંધાવવા વિનંતી.

વિલેપારલા નવા રહેવા આવેલા પટ્ટણીભાઈઓને સભ્ય બનવાની ઈચ્છા હોય તેઓએ પોતાના નામ મંત્રીઓને નોંધાવી દેવા વિનંતી.

(૧) **જનક અરવિંદકુમાર શાહ** : ૯૮૨૦૦૬૪૬૬૮.
(૨) **દાનેશ વિનોદચંદ્ર શાહ** : ૯૯૩૦૮ ૯૧૯૮૫.
(૨) **અરવિંદભાઈ મંગલદાસ શાહ** : ૯૮૧૯૬ ૩૫૫૭૭. .

## અભિનંદન

પાટણના ચોધરીની શેરીના **શ્રી નિલેશભાઈ સુરેશભાઈ ચોધરી** દ્વારા પોતાના વિચારો તથા સૂચનો ISROને મોકલવામાં આવતાં તેના જવાબમાં ISRO તરફથી પ્રાપ્ત થયેલ પત્ર અહીં પ્રસ્તુત છે...

Dear Shri Choudhary,

We appreciate your views, suggestions on designing of the Mars Orbiter Mission.

Your designs have facilitated the burn start of Main Liquid Engine. The MANGALYAAN had 1,337 kg launch mass & 15 Kg Payload Mass successfully entered Martian Orbit.

Once again we are thankful foy your contribution and welcome your contribution in future programmes.

With Regards
A Bhaskaranarayana
Scientific Secretary ISRO


**શ્રી પાટણ પાંજરાપોળ સંચાલિત** આઝાદ ચોક, પીંપળાશેરી, પાટણ (ઉ.ગુ.)-૩૮૪૨૬૫ ● ફોન:(02766)220203

**શ્રીમતી કુસુમબેન અમૃતલાલ શાહ પશુ આશ્રય સંકુલ (ખલીપુર)**

કાર્યાલય :મે. પ્રવીણચંદ્ર ઍન્ડ કું., ૨૧, ભાંગવાડી શોપિંગ આર્કેડ, કાલબાદેવી, મુંબઈ-૪૦૦ ००૨. ફોન:૬૬૩૧૭૮૯૦-૯૯. મો.:૯૮૨૧૦૧૨૫૧૮.

અબોલ, અપંગ, આપાદગ્રસ્ત પશુઓની નિષ્ઠાપૂર્વક સેવા થાય, મૃત્યુની અંતિમ પળોએ આવા જીવોને સમાધિ અપાય ત્યારે તેમના હૈયાના અતલ ઊંડાણમાંથી આશીર્વાદની ધારા, આંખોમાં ડોકાતી પ્રેમની અમૃતધારા અને આર્તધ્યાનમાંથી બચી શૂન્યભાવનાની અંતિમ પળો પામી બંધાતા શુભ આયુષ્ય કર્મના કારણે થતી પૂણ્યની લાગણીથી સેવા કરનાર કે દાતા બની જીવનદાતા બનનાર વ્યક્તિ કે સંસ્થા સ્વ તથા પર કલ્યાણના ભોક્તા બને છે.

- પરિવારમાં જન્મદિનને બનાવો અમારો અભયદિન
- લગ્નોત્સવને બનાવો અમારો જીવનોત્સવ
- સ્વજનના મૃત્યુનો શોક અભયદાનના બળે હળવો બનાવો
- અસહ્ય વેદનામાંથી પશુઓના પ્રાણ ઉગારો
- આપના શ્રીસંઘના જીવદયાની ટીપમાંથી શ્રી પાંજરાપોળને મહદ ફાળો આપવા વિનંતી
- ધાર્મિક મહોત્સવને જીવદયાનો ઉત્સવ બનાવો
- વિકટ સંજોગોમાં આપના આર્થિક સહયોગની અપેક્ષા !
- પશુરોગ સારવાર અને શસ્ત્રક્રિયા કેમ્પ

સંસ્થાને આપેલ દાન ઈન્કમ ટેક્ષ એક્ટ ૮૦ જી હેઠળ કરવેરામાં રાહતનેપાત્ર છે

● સૌજન્ય : શ્રી નિરંજનભાઈ અમૃતલાલ શાહ ●

**પશુ-પક્ષીઓ માટેની વિવિધ યોજનાઓ**

| | | | |
|---|---|---|---|
| કાયમી શેડ ફંડ | રૂા. ૧૦૧૦૦૦ | દૈનિક લાપસી | રૂા. ૨૧૦૦૦ |
| કાયમી નિભાવ ફંડ | રૂા. ૫૧૦૦૦ | દૈનિક ઘાસચારો | રૂા. ૧૫૦૦૦ |
| લાપસી (કાયમી તિથિ) | રૂા. ૩૧૦૦૦ | માસિક દવા ચિકિત્સા | રૂા. ૧૧૦૦૦ |
| આધાર સ્થંભ | રૂા. ૩૧૦૦૦ | કાયમી ઘાસ ફંડ | રૂા.૧૧૦૦૦ |
| | | કાયમી પક્ષી ચણ | રૂા.૫૦૦૦ |

લાભાર્થીના નામ આરસની તક્તી પર લખવામાં આવશે

લાભાર્થીના નામ તિથિને દિવસે બોર્ડ પર લખવામાં આવશે

advt


## શ્રદ્ધાંજલિ

**સમાજની નીચે જણાવેલ વ્યક્તિઓના દુઃખદ અવસાનની સખેદ નોંધ લઈ, પરિવારના દુઃખમાં સહભાગી થઈ સંવેદનાની લાગણી વ્યક્ત કરીએ છીએ. પરમકૃપાળુ પરમાત્મા સદ્‌ગતના આત્માને ચિરશાંતિ અર્પે એ જ પ્રાર્થના !**

| જ્ઞાતિ | મહોલ્લો | સ્વર્ગસ્થનું નામ | વય | સ્થળ | તારીખ | તિથિ |
|---|---|---|---|---|---|---|
| દશા પોરવાળ | કોકાનો પાડો | સૂર્યકાંતભાઈ ઉત્તમચંદ શાહ | ૮૨ | કાંદિવલી-મુંબઈ | ૧૮-૦૯-૨૦૧૪ | ભાદરવા વદ-૧૦ |
| વિશાશ્રીમાળી | અજિતનાથની પોળ | વિમળાબેન કાંતિલાલ શાહ | ૮૮ | અંધેરી-મુંબઈ | ૨૯-૦૯-૨૦૧૪ | આસો સુદ-૦૫ |
| વિશાશ્રીમાળી | ખજૂરીનો પાડો | બાબુ પૃથ્વીરાજભાઈ મહાનંદકુમાર | ૬૪ | નેપીયન્સી રોડ-મુંબઈ | ૨૯-૦૯-૨૦૧૪ | આસો સુદ-૦૫ |
| પોરવાલ | વખતજીની શેરી | જયંતીલાલ શાંતિલાલ શાહ | ૮૨ | રીજ રોડ-મુંબઈ | ૩૦-૦૯-૨૦૧૪ | આસો સુદ-૦૬ |
| વિશાશ્રીમાળી | લીમડીનો પાડો | સુભદ્રાબેન રિખવચંદ શાહ | ૯૬ | ભાયંદર-મુંબઈ | ૩૦-૦૯-૨૦૧૪ | આસો સુદ-૦૬ |
| વિશાશ્રીમાળી | વખતજીની શેરી | હેમલતાબેન પ્રતાપચંદ શાહ | ૮૪ | મરીનડ્રાઈવ-મુંબઈ | ૦૮-૧૦-૨૦૧૪ | આસો સુદ-૧૫ |

***ચક્ષુદાન કરેલ છે. ✶દેહદાન કરેલ છે ● યુવાનીમાં રક્તદાન ● મૃત્યુ બાદ ચક્ષુદાન ● ત્વચાદાન ● અંગદાન ** દેહદાન કરો અને કરાવો**

# શ્રી પાટણ જૈન મંડળ

## પ્રોગ્રામ સમિતિ

**આયોજિત**

## શ્રી મણિલાલ લલ્લુચંદ શાહ (અતુલ ડ્રગ હાઉસ) પરિવાર

**પ્રેરિત**

# નૂતન વર્ષ સ્નેહ સંમેલન



## હાર્દિક આમંત્રણ

શ્રી પાટણ જૈન મંડળ દ્વારા પાટણના ભાઈ-બહેનો માટે, સૌ સામૂહિક રીતે સાથે મળ્યાનો આનંદ માણી શકે, તેવી શુભ ભાવનાથી મરીન ડ્રાઈવના વિશાળ પટાંગણમાં, અલ્પાહારની સુંદર વ્યવસ્થા સાથે, સંવત૨૦૭૧ના નૂતન વર્ષ સ્નેહ સંમેલનનું નીચેની વિગતે આયોજન કરવામાં આવ્યું છે. સંસ્થાના નિમંત્રણને સ્વીકારી સ્નેહ સંમેલનમાં સમાજના સર્વ પરિવારોને પધારવા અમારું સ્નેહભર્યું આમંત્રણ છે.

દિનાંક : શનિવાર, તા. ૦૧-૧૧-૨૦૧૪, કારતક સુદ – ૯ ● સમય : સાંજના ૫-૦૦ થી

સ્થળ : શ્રીનિકેતન વાટિકા – ગાર્ડન, પાટણ જૈન મંડળ માર્ગ, મરીન ડ્રાઈવ, મુંબઈ - ૪૦૦ ૦૦૨

**આ મંગલ પ્રસંગે અલ્પાહાર રાખવામાં આવેલ છે**

**તા. ક. :** (૧) ચૌવિહારની વ્યવસ્થા સાંજે ૫-૦૦ કલાકથી રાખેલ છે
(૨) નૂતન વર્ષ સ્નેહ સંમેલનના વ્યક્તિગત નિમંત્રણ કાર્ડ મોકલવામાં આવશે નહીં..

## ખાસ નોંધ

**આ પ્રસંગે લકી ડ્રોનું આયોજન રાખેલ છે જેમાં વિવિધ આકર્ષક ઇનામો આપવામાં આવશે**

## નૂતનવર્ષ સ્નેહસંમેલન પ્રસંગે સોનામાં સુગંધ

નૂતન વર્ષ સ્નેહ સંમેલનના સપરમે દિવસે સમગ્ર પાટણ જૈન સમાજને પૂજ્ય પાદ પંન્યાસપ્રવર શ્રી મેઘદર્શનવિજયજી મ.સાહેબની ધ્યેયપૂર્ણ શુભવાણીનો લાભ મળે તેવા ઉત્કૃષ્ટ આશયે આપણી વિનંતીથી ૪.૦૦ થી ૫.૦૦ દરમ્યાન શ્રી પાટણ જૈન મંડળ સભાગૃહ, મરીન ડ્રાઈવ ખાતે માદરે વતન પૂણ્યભૂમિ પાટણ પ્રત્યેની આપણી આત્મીયતા અને પાટણનું ગૌરવ તથા ગર્વ વધારનારું પ્રવચન આપશે. સર્વ ભાઈ-બહેનોને પૂજયશ્રીના આ પ્રવચનનો અવશ્ય લાભ લેવા વિનંતી છે.

W.P.P. License No. MR/TECH/WPP-120/South /2014. License to post without prepayment.
PATAN PRATIBIMB ● OCTOBER 2014 ● PRICE Rs. 2/- ● Posted at Patrika Chennel Sorting Office, Mumbai-400001 on 25th and 26th of every month. Regd. No. MH / MR/ South–135 / 2012–14
Published on 15th of every month

# SHREE PATAN JAIN MANDAL

## SAMAJ VIKAS FUND

### MEDICINE (DAWA) SAHAY YOJNA & PUBLIC HEALTH CARE CENTRE FUND

SHRI PRAVINCHANDRA KESARICHAND SHAH — Rs. 1.01 CRORE
BY SHRI TUSHARBHAI AND SHRI JAYESHBHAI [Dhandherwado]

### EDUCATION SAHAY CORPUS FUND

SEVANTILAL KANTILAL TRUST — Rs. 80 LACS

### SAMAJ VIKAS CORPUS FUND

SMT MINABEN & SHRI NITINBHAI JAYANTILAL GABHRUCHAND SHAH & FAMILY USA (Khetarvasi) — Rs. 54 LACS

- Smt. Subhadraben Ramanlal Shah Charitable Trust, Kumbharia Pado
- Shri Mafatlal Chudghar Charitable Trust, Chodhrini Sheri
- Babu Panalal Poonamchand Charitable Trust, Khajurino Pado
- Babu Saheb Nanakchandji Pooranchandji Trust, Khajurino Pado
- Babu Jivanlal Panalal Trust, Khajurino Pado
- Smt. Gunvantiben Pravinchandra Keshrichand Shah, Dhandhervado
- Late Shri Pramodbhai Bhogilal Jhaveri (Sayba), (Chodhrini Sheri) By : Smt. Maltiben, Smt. Falguniben & Shri Devangbhai Jhaveri
- Smt. Kusumben Rasiklal Himatlal Shah, Dank Mahetano Pado By : Shrimati Kalpnaben, Shrimati Ashaben, Shrimati Meetaben
- Smt. Hansaben Rameshchandra Popatlal Shah, By : Shri Jitenbhai, Kanasano Pado
- Shri Harsukhlal Bapulal Shah and Shrimati Rasilaben Harsukhlal Shah, By : Shri Nirmalbhai, Shri Anilbhai, Shri Jayeshbhai & Shri Shirishbhai, Lakhiyar Vado/Kanasano Pado
- Smt. Nirmalaben Ravindrabhai Mohanlal Shah, Khajurino Pado
- Smt. Hasumatiben Rameshchandra Bapulal Shah, By : Shrimati Moniakben Sanjaybhai Shah, Dank Mahetano Pado
- Smt. Gulabben Ramanlal Shah, Vakhatjini Sheri By : Shri Hitenbhai Pravinchandra Shah
- Shri Rameshchandra Chhabildas Zaveri, Manmohanjini Sheri
- Shri Virendrabhai Popatlal Shah, Mallatno Pado
- Shri Maulikkumar, Divyabalaben, Navinbhai Shah, Pole ni Sheri
- Shri Deepakbhai Champaklal Jhaveri (Manmohanjini Sheri)By: AashishJhaveri
- Shri Kirtilal Somchand Shah, Kokano Pado
- Smt. Vasumatiben Sevantilal Shah, Chitarani Khadki
- Smt. Premlataben & Shri Pratapbhai Punamchand Jaswa (Kasumbia Vado)
- Smt. Lilavatiben Panalal Manilal Shah, Vasavado
- Smt. Hansaben Manaharlal Keshavlal Shah, Lahiarvado
- Late Shri Balubhai Chhotalal Shah, By : Smt. Hansaben, Khadakhotdi no Pado
- Shri Sureshbhai Chimanlal Choksi, Zaveri Vado
- Shri Rakeshbhai Kantilal Shah-Chowpatty. In Memory of Smt. Geetaben Rakeshbhai Shah
- Late Shri Sevantilal Chhaganlal Shah By: Shri Sharadbhai and Shri Harshadbhai (Tamboli Vado)
- A Well-Wisher
- Shri Shirishbhai Mafatlal Shah, Panchoti Pado
- Smt. Manjulaben Dilipbhai Mohanlal Hemchand Shah, Marfatia Mehtano Pado

## REVOLVING FUND : Target Rs. 5 Crores

### To provide interest free Educational Loan

| DONOR | Donation In 5 Yrs. |
|---|---|
| **Smt. Subhadraben Ramanlal Popatlal Shah,** Kumbhariya Pado | Rs. 25 Lakhs |
| **Smt. Bhagwatiben Vinodbhai Matlivala,** Kanasano Pado by Shri Daneshbhai, Shri Bhagyeshbhai, Shri Sukeshbhai, Shri Dhirenbhai | Rs. 25 Lakhs |
| **Babu Panalal Punamchand Charitable Fund,** Khajurino Pado | Rs. 20 Lakhs |
| **Late Smt. Kamalaben & Shri Kantilal Prabhudas Jhaveri** (Dhandher Vado) By Shri Samir Chandrakant Jhaveri | Rs. 11 Lakhs |
| **Dr. Mahendrabhai Chandulal Shah & Dr. Lilaben M. Shah,USA (Lakhiar Wado)** | Rs. 10 Lakhs |
| **Late Smt. Jasudben Jamnadas Jhaveri & Late Jamnadas Umedchand Jhaveri (Dhandher Wado)** By Late Saraswatiben Jamnadas Jhaveri through her will | Rs. 10 Lakhs |
| **Smt. Kanchanben Kantilal Jhaveri** (Maniyati Pado) by Smt. Neenaben, Smt. Kalpanaben. | Rs. 5 Lakhs |
| **Shri Keshavlal Kilachand Charitable Trust Kumbharia Pado** | Rs. 5 Lakhs |
| **Smt. Gulabben Chimanlal Valamji Choksi** By Smt. Vinaben Sureshbhai Choksi (Zaveri Vado) | Rs. 5 Lakhs |
| **Dr. Smt. Kunjbalaben & Dr. Vijaybhai Jayantilal Patni** (Manmohanji ni Sheri) | Rs. 5 Lakhs |
| **Smt. RohinibenVikrambhai Shah**(Dank Mehtano Pado) (In her Memory) By Shri Ronakbhai, Smt. Darshnaben, Shri Shrenikbhai & Smt. Komalben | Rs. 5 Lakhs |
| **Late Smt. Kusumben Vrajlal Shah & Vrajlal Jesinglal Shah** (Jafujiwala) (Tamboli Vado) | Rs. 5 Lakhs |
| **Late Smt. Vasumatiben Fakirchand Shah** By Shri Samir Fakirchand Shah (Chodhrini Sheri) | Rs. 5 Lakhs |
| **Late Shri Vinodbhai Hiralal Shah (Ladiwala)** By Smt. Kiranben&ShriPranaybhai(Kanasano Pado) | Rs. 5 Lakhs |
| **Smt. Taraben Sevantilal Nathalal Khandwala** (Keshu Sheth no pado) By Shri Kandarpbhai | Rs. 12 Lakhs |

## MEMORIAL FUND

| NAME OF THE DONOR | DONATION |
|---|---|
| ● Smt. Pannaben Kapoorchandbhai Sonawala, Manmohanjini Sheri | **Rs. 8 Crores** |
| ● Smt. Nirmalaben (Deviben), Shamlaji ni Sheri. In memory of Late Shri Dhirajlal Popatlal Shah | **Rs. 10 Lakhs** |

The donors donating in **MEMORIAL FUND** through their will – it can be utilised for special activities of the **MANDAL**

TO,

Edited,Printed & Published by MAHENDRA NEMCHAND SHAH on behalf of SHRI PATAN JAIN MANDAL and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industries, Dadaji Konddev Cross Road, Byculla, Mumbai-400 027. And Published at 77, Patan Jain Mandal Marg, Marine Drive, Mumbai-400020.